# 23. લઘુકાવ્યો

## સ્વાધ્યાય

1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો:

1) મોતને કોણ ડરાવી શકે?

(A) આગને જે પી ના શકે તે

(B) જિંદગીથી જે ન ડરે તે

(C) જિંદગીથી જે ડરી જાય તે

(D) મૃત્યુની બીક લાગે તે

2) કયો પથ્થર પોતાના પર શિલ્પને ધારણ કરી શકે?

(A) ટાંકણાના ઘા સહીને પણ કદી તૂટે નહિ તે

(B) ટાંકણાના ઘાથી તૂટી જાય તે

(C) ટાંકણાના ઘા સહન ના કરી શકે તે

(D) જે સાવ કાચો પથ્થર હોય તે

3) કળિયુગમાં માણસો કેવા હોય?

(A) હૈયાફૂટલ હોય તેવા

(B) અસંતોષી

(C) શરીરથી સ્વસ્થ

(D) ઉપર્યુક્ત (A) અને (B) બંને

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

4) 'છૈયો ખૂંદતો ખોળો...' હાઇકુમાં...

(A) ટેલિવિઝનનું મહત્ત્વ દર્શાવ્યું છે

(B) માતૃત્વની ભાવનાનાં દર્શન થાય છે

(C) બેકારીનું મહત્ત્વ દર્શાવાયું છે

(D) છોકરાનું મહત્ત્વ નથી

## 2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો:

### 1) શાણા કઈ વાત સાનમાં સમજી જાય છે?

- જે માણસના શરીર કામ કરવા તૈયાર ન હોય, એટલે કે કામકાજ કર્યા વગર આળસુ બનીને પડ્યા રહેતા હોય, જે હૈયાફૂટલ હોય એટલે કે કાચા કાનના હોય અને જેને ગમે તેટલું મળે તોપણ કોઈ વાતનો સંતોષ ન હોય એ કળિયુગના માણસનાં લક્ષણ છે. આ વાત શાણા સાનમાં સમજી જાય છે.

### 2) આગને કોણ ઠારી શકે છે?

- જે આગને પી શકે છે, એ જ આગને ઠારી શકે છે. કવિ કહે છે કે જીવનમાં જે વ્યક્તિ ક્રોધને કાબૂમાં રાખી શકે છે, એ બીજાના ક્રોધને પણ શાંત પાડી શકે છે.

## 3. નીચેના પ્રશ્નનો સાત-આઠ લીટીમાં ઉત્તર લખો:

### 1) ટાંકણાના ઘા સહીને... પંક્તિમાંથી તમને શું શીખવા મળે છે? સમજાવો.

- આરસપહાણ ટાંકણાના ઘા સહન કરે છે. એ એના ઘાથી ડરતો નથી કે તૂટી પડતો નથી. આથી આરસપહાણ સુંદર શિલ્પને ધારણ કરી શકે છે. કવિએ આરસપહાણના દૃષ્ટાંતથી સમજાવ્યું છે કે માનવીએ જિંદગી અડગ આત્મવિશ્વાસથી જીવવાની છે. આવી વ્યક્તિ જ ગમે તેવી મુશ્કેલીઓમાં પણ હારી જતી નથી કે કોઈથી ડરી જતી નથી. એ મોત સામે પણ ઝઝૂમવા તૈયાર હોય છે. આવી વ્યક્તિ જ જીવનની વિકટ પરિસ્થિતિનો સામનો કરીને કંઈક પામે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

4. અર્થવિસ્તાર કરો:

જિંદગીથી ના ડરે એ મોતને ડારી શકે,

આગને જે પી શકે તે આગને ઠારી શકે.

- આ પંક્તિમાં કવિએ અડગ આત્મવિશ્વાસ પર ભાર મૂક્યો છે. જે વ્યક્તિ જિંદગીમાં આવતી ભીષણ પરિસ્થિતિનો સહેજ પણ ડર્યા વગર સામનો કરે છે, એ મોતથી ડરતી નથી, અને મોત સામે અડગ આત્મવિશ્વાસથી ઝઝૂમી શકે છે. આ હકીકત કવિ આગના દૃષ્ટાંતથી સમજાવે છે કે જે વ્યક્તિ ક્રોધરૂપી આગ પર કાબૂ મેળવે છે, એ બીજાના ક્રોધને પણ શાંત પાડી શકે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in